**સુરતના મે. દસમા એડી. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, સુરત.**

**ફોજદારી કેસ નંબર– ૩૯૫૪૧૨/૨૦૨૬**

**આંકઃ**

**ફરિયાદીઃ–** **શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપીનું નામ–** **નીલ હરીશભાઈ રાણા**

**ગુનો– બી.એન.એસ. કલમ– ૨૨૩**

**–: ઠરાવ :–**

૧. આ કામના આરોપી સામે ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપીએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તહોમતનામાની હકીકતે ગુનો કરેલ છે તેવી ફરિયાદ, ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. કલમ– ૨૨૩ મુજબનો ગુનો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૨. આ કામે આરોપીએ તેની સામેનો ગુનો કબૂલ કરવા માગે છે તેવી કબુલાત પુરસીસ આપતા આરોપીની કબુલાત પુરશીશ રેકર્ડ કરી તથા આરોપીની કબુલાત પ્લી લેતાં આરોપીએ તેની સામેનો ગુનો કબૂલ કરેલ અને જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે અને ગરીબ માણસ છે અને મજૂરી કરી તેના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને બાળ બચ્ચાવાળો હોવાનું જણાવે છે તથા સદર ગુના અંગે પારાવાર પસ્તાવો છે. હવેથી આવો ગુના નહીં કરવાની તેઓ ખાતરી આપે છે. આરોપી સદર ગુનાના કામે પુરસીસ આપી ગુનો કબૂલ કરેલ છે. આમ, આરોપી સામેનો ગુનો તથા ગુનાની સજા તથા તેની ગુનાની કબુલાત ધ્યાનમાં લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આરોપીને બી.એન.એસ.એસ. કલમ– ૨૭૫ મુજબ બી.એન.એસ. કલમ– ૨૨૩ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી આરોપીને રૂપિયા રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા) દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન– ૧ (એક)ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલઃ– આ કામે કબજે કરેલ રોકડ રકમ સરકારને જમા કરવા.

હુકમ આજરોજ તારીખઃ– ૧૧, માહેઃ– જુલાઈ, સનેઃ–૨૦૨૬ના રોજ નેશનલ લોક–અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સુરત.

**(કુ. આકાંક્ષા પારાશર)**
દસમા એડી. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
સુરત.
જીજે૦૧૭૩૪

Cash Amt.Rec.of
Fine/Penalty for Rs. 100/-
(Rs. One Hundred Only)
by Receipt No............
Dt. 11/07/2026
Suprintendent